સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

હજારો, પોલીસ દળથી શહેર છે વાઈબ્રંટ!
ચોર-ગુંડાઓનું પણ આયોજન છે વાઈબ્રંટ!
વાઈબ્રંટ ડોશી દોકડાની, ઢીંગલો મૂંડામણ -
એમઓયુના આંકડા બોગસ, થશે વાઈબ્રંટ!!

હાઈકુ

ચડી ધજારી
સાહેબો વાઈબ્રંટ -
દંભ-દેખાડે!

પ્રચાર લક્ષી
કર્યા એમ ઓ યુ ને -
ખાધું-પીધું ને...

ચિંતન

અંતઃકરણતદ્‌વૃત્તિદૃષ્ટ નિત્યમયવિક્રયમ ।
ચૈતન્ય યત્તદાત્મેતિ બુદ્ધ્યા બુદ્ધસ્વ સૂક્ષ્મયા ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

અંતઃકરણ તથા તેની વૃત્તિઓને કેવળ સાક્ષીરૂપે જોનાર, નિત્ય તથા વિકાર વિનાનું જે વિશુધ્ધ ચૈતન્ય છે, તે જ 'આત્મા' છે તેમ તું સૂક્ષ્મ બુદ્ધિથી સમજી લે.

આપણા શરીરમાં જે ચૈતન્ય છે તેના દ્વારા જ આપણે 'કર્મ' કરીએ છીએ. આ ચૈતન્ય જેટલું પવિત્ર, વિકાર રહિત અને 'તટસ્થ' ભાવવાળું હોય તો આપણાં કાર્યો સાત્વિકભાવનાં અને સકારાત્મક હોય આવું ચૈતન્ય જ 'આત્મા' તેના દ્વારા થતી બધી પ્રવૃત્તિઓને માત્ર સાક્ષી રૂપે જોવા જોઈએ.

સુવિચાર

- છીછરા સુખની ઝંખના આપણી આનંદયાત્રામાં અંતરાય ઊભો કરનારી છે. છીછરું સુખ આખરે તો ઊંડા દુઃખમાં પરિણમતું જોવા મળે છે - **ગુણવંત શાહ**
- બીજાને છેતરવાની માણસની ક્ષમતા વધી જાય તેવો સમાજ કદી સ્વસ્થ ન હોઈ શકે - **કાજલ ઓઝા**
- માણસ જીવનમાં સફળતા તરફની ગતિમાં નિષ્ફળ જાય તે ક્ષમ્ય છે, પરંતુ પ્રયત્નનો અભાવ અક્ષમ્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આત્મા શું છે તે આપણા જેવા સામાન્ય માણસને ભલે ન સમજાય, પણ વહી જતી દરેક ક્ષણને નીરખવાની ટેવ પડે તોય બેડો પાર ! - **જ્ઞાનસૂત્ર**
- કશુંક ખોટું કરતી વખતે અંદરથી જે ખટકો ઊઠે તે ખટકો ઊઠે તે ખટકો અતિ અતિ મૂલ્યવાન છે. એ તો C/o (કેર ઓફ) અંતરાત્મા થકી મળેલી પરમાત્માની ટપાલ છે - **રમણ મહર્ષિ**
- માણસો ડાહ્યા હોવાનો દેખાવ કરે છે પરંતુ તેઓ ખરેખર ડહાપણ ધરાવે છે કે નહીં એની એમને ખાતરી હોતી નથી - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : ખંજવાળ વાળી જગ્યાએ તુલસીના પાનનો રસ લગાવવાથી ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આફતને પણ અવસરમાં પલટાવી શકાય. ફ્રાંસના વિખ્યાત સાહિત્યકાર એમિલ ઝોલા દુનિયાભરમાં પ્રસિદ્ધ થયા ત્યારે પણ તેઓ પૈસે ટકે બહુ ધનિક ન હતા. તેમને એક પત્રકાર મળવા આવ્યો. તેણે પૂછ્યું. 'તમે અત્યાર સુધી આટલા ગરીબીમાં કેવી રીતે ટકી શક્યા ? અને ગરીબી છતાં પણ મહાન સાહિત્યકાર કેવી રીતે બન્યા ?' એમિલ ઝોલાએ કહ્યું, 'લેખક તરીકે જે કંઈ મળતું તેમાં ઘર ચલાવવું ખૂબ મુશ્કેલ કાર્ય હતું. પણ હું આવી મુશ્કેલીમાં પણ કાયમ લખવા-વાંચવામાં ધ્યાન પરોવતો. જો કે પૈસા વિના મારું જીવન અટકી જશે એવું હું ક્યારેય માનતો નહોતો. પણ લખ્યા વિના તો હું નહીં જ જીવી શકું એની મને પાકી ખાતરી હતી.' પેલા પત્રકારે ફરીથી પૂછ્યું, 'માણસ લખે નહીં તો જીવી શકે પણ પૈસા વિના તો ખાવાનું ન મળે અને ખાધા વિના તો જીવી જ ન શકાય ને ?' એમિલે જવાબમાં કહ્યું, 'હું સવારે એકાદ ઈંડાથી મારું પેટ ભરી લેતો અને દિવસ દરમિયાન સસ્તા ફળથી કામ ચલાવતો. પેટ ભરીને ખાવું મને પોષાય તેમ ન હતું. શિયાળાની ઠંડીમાં સગડી માટે લાકડા ખરીદવા પૈસા ન રહેતા તો હું ઠંડી ભુલાવવા રાત્રે મીણબત્તીના પ્રકાશમાં લખવા બેસતો. લખવામાં ઓતપ્રોત થઈ જવાને કારણે મારું ધ્યાન ઠંડી પરથી હટી જતું હતું.' મુશ્કેલીનો સમય રડીને કકળીને પસાર કરવો કે પછી તેનો સદુપયોગ કરવો એ માણસે નક્કી કરવું જોઈએ.

અનામત નામે વધુ એક રાજરમત

તંત્રીસ્થાનેથી...

ફક્ત હિંદુત્વ, રામમંદિર કે એન્ટિ ઈસ્લામિક મુદ્દાઓની ૨૦૧૯ની વૈતરણી પાર નહીં કરી શકાય એવી પ્રતીતિ થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવો દાવ ખેલી નાખ્યો છે. દેશમાં ૪૯.૫ ટકા અનમતનું ભરણું તો ક્યારનુંય ભરાઈ ચૂક્યું છે. અનૂસચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોને અપાયેલ અનામતનો સરવાળો ૪૯.૫ ટકા સુધી પહોંચ્યો છે અને એથી ઉપર જઈ જ ન શકાય એવી બંધારણીય નાકાબંધી છે. પરંતુ ચૂંટણી જીતવા માટે તો નરેન્દ્ર મોદી કંઈ પણ કરી શકે, કારણ કે એ હારવામાં માનતા જ નથી. ગુજરાતમાં બારોબાર પેરાશૂટ મુખ્યમંત્રી બનીને ખાબક્યા પછી અંગદના પગની જેમ એ કોઈથી ઊખડ્યાં નહોતા. વડાપ્રધાન પદ જેવું સર્વોચ્ચ પદ મળતાં બંધારણની જોગવાઈ મુજબ બે પદ સાથે ન ભોગવી શકાતાં હોઈ એમણે ગાંધીનગરની નાની ગાદી છોડી દિલ્હીની મોટી ગાદી પર બિરાજમાન થવાનું પસંદ કર્યું હતું. પરંતુ ૨૦૧૪ લોકસભાની ચૂંટણી વખતે મોદીની જે ઈમેજ હતી તે ૨૦૧૯ આવતાં આવતાં કડડભૂસ થઈ ગઈ છે અને વિપક્ષ નામની કોઈ વસ્તુ જ નહોતી ત્યાં એકી સાથે અનેક વાઘ ઘુરકિયાં ખરી રહ્યા છે. પશ્ચિમ બંગાળના ભાજપ પ્રદેશ પ્રમુખે જ સામા પગલે મમતા બેનરજીને વડાપ્રધાન બનવાની શુભેચ્છા પાઠવી દીધી છે. રાહુલ બાબા પાસે રાફેલનું રહસ્યમય હથિયાર આવી ગયું છે. અને મહારાષ્ટ્રના મરાઠા મહાવીર શરદ પવારને જતી ઉંમરે મોરારજી દેસાઈ, ચરણસિંહ કે નરસિંહ રાવની જેમ વર્ષો પૂર્વે જોયેલું વડાપ્રધાનપદનું સપનું સાકાર થતું વરતાઈ રહ્યું છે. આ તમામની મહત્ત્વાકાંક્ષાઓ કરતાં ચાર ચાસણી ચડે એવી પ્રબળ ઉચ્ચાભિલાષા ધરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ચૂંટણી પૂર્વે પ્રચારલક્ષી બાયોપિક ફિલ્મ પણ રજૂ કરવાની તૈયારીમં છે, જેમાં એમને 'વિશ્વનેતા' તરીકે પ્રોજેક્ટ કરાયા છે. પરંતુ રામમંદિર કે હિંદુત્વ જેવા મુદ્દા કદાચ ક્લિક ન પણ થાય અને રાફેલ મુદ્દો વધુ બુલંદ થઈ જાય તો શું ? વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એસસી - એસટી એક્ટમં સુપ્રીમ કોર્ટે સૂચવેલ હળવાપણાને ફગાવી દેતો અધ્યાદેશ કરી એ વર્ગોને રાજી રાખવા થતા પોતે બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકર કરતાં પણ વધુ ગરીબપરસ્ત નેતા હોવાની પ્રતીતિ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. એમના જ સર્વેક્ષકોએ આ પગલું ભરવાથી ભાજપની પ્રસ્થાપિત વોટબેંક ઉર્ફે સવર્ણ સમાજમાં નારાજગી પ્રવર્તી રહી હોવાનું જમાવ્યું અને એની અસર હેઠળ હિંદી બેલ્ટનાં ત્રણ રાજયોમાં સત્તા ગુમાવવી પડી હોવાનું તારણ કાઢ્યું. આથી હવે એ સવર્ણ સમુદાય ઉપરાંત જેને અનામતનો લાભ નથી મળતો એવા તમામ નાગરિકો - જેમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પણ આવી જશે, એમને દસ ટકા અનામત આપી દેવા માટે બંધારણ સુધારવાનો નિર્ણય કરાયો છે. આ પ્રસ્તાવ દ્વારા મોદી વિપક્ષોને પણ પોતે શું નથી કરી શકે એમ - એનો આશ્ચર્યજનક આંચકો આપી રહ્યા છે. બંધારણ સુધારા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે. રાજયસભામાં વિપક્ષ બહુમતી ધરાવતો હોય ત્યારે શું આ પ્રસ્તાવ પારિત થઈ શકશે ? પરંતુ મોદી તો એ પ્રસ્તાવ રજૂ કરી દઈ ઈતિશ્રી માનશે અને એને પારિત નહીં થવાનો દોષનો ટોપલો વિપક્ષો પર ઢોળી એને જબરદસ્ત ચૂંટણી મુદ્દો બનાવી દેશે એમાં કોઈ શક ?

આટલી ડરે છે શું કામ, પોતાની જાતને બચાવવી છે તો...

નવાં કલેવર
નટવર હેડાઉ

જૂહી ઓફિસ જતાં ચાર રસ્તે ઊભેલ તે સ્ત્રીને રોજ જોતી હતી. તેના વિખરાયેલા વાળ, મેલાંઘેલાં કપડાં અને હાથમાં દંડીકા જેવી લાકડી જોઈ જૂહીને આશ્ચર્ય થતું હતું. તે ચણતાં કબૂતરોની વચ્ચે ક્યારેક ઊભેલી જોવા મળતી તો વળી ક્યારેક ગંદા કુરકુરીયાને તેડીને વ્હાલ કરતી જોવા મળતી. જૂહીને તેના વિશે જાણવાની ઈચ્છા થતી પણ તેણે જોયું હતું કે ઘણીવાર તે પોતાનો ડંડો લઈ લોકોની પાછળ મારવા દોડતી. તેને એમ થતું કે ગાંડાઓની દુનિયા પણ કંક ગજબની હોય છે.

તે સ્ત્રીને જોઈ જૂહી રોજ વિચાર કરતી. પણ એક દિવસ તે જયારે ચાર રસ્તે પહોંચી ત્યારે તેના આશ્ચર્યનું ઠેકાણું ન રહ્યું. તે સ્ત્રી એક દિવ્યાંગ અંધ વ્યક્તિને રસ્તો પસાર કરાવી રહી હતી.

જૂહી અસંમજસની સ્થિતિમાં ઓફિસે પહોંચી તેણે પોતાની સીટ પર સ્થાન લીધું. પર્સમાંથી લિપસ્ટીક કાઢી હોઠ પર લગાવી. નાના કાંસકાથી વિખરાયેલા પોતાના વાળને જરા ઠી કર્યા. કામગીરી શરુ કરવા નવી આવેલી ફાઈલોને ટેબલ પર અગ્રતાક્રમે ગોઠવી કોમ્પ્યુટર ચાલુ કર્યું. તેના મન મસ્તિષ્કમાં હજી પેલી સ્ત્રી ઘુમતી હતી. તે સ્વસ્થ થઈને પોતાના કામમાં મન પરોવે તે પહેલાં પટાવાળાએ આવીને કહ્યું, મેડમ, બોસ, તમને બોલાવે છે.

તેણે તેના નજીકમાં બેઠેલ, ઓફિસના એકાઉન્ટર ઓફિસરની તરફ ફરી તેમને પુછ્યું, 'પંડ્યાજી, સવાર સવારમાં વાત શું છે?'

'મને શું ખબર સાહેબ હજુ કાલેજ તો હાજર થયા છે. તમારે ચહેરો જોયો હશે....' પંડ્યાજીએ હથેલી વચ્ચે તમાકુ અને ચૂનાનો મસાલો મસલી હોઠ વચ્ચે દબાવતાં કહ્યું અને જરા હસ્યા. તે સાંભળી આજુબાજુ બેઠેલા બીજા બે સહકર્મીઓ પણ ખખડીને હસ્યા. જૂહીને તેમનું કટાક્ષભર્યું આ હાસ્ય જાણે કે કાનમાં સીસું રેડાયું હોય તેવું લાગ્યું. દુપટ્ટો ઠીકઠાક કરી તે બોસની કેબિનમાં પ્રવેશી.

'મેં આઈ કમીન સર...'

'યસ... યસ... જૂહી બેસો.'

'શું વાત છે સર?'

મેં તમને એટલે બોલાવ્યા છે કે હમણાં જ હૅડ ઓફીસથી ફોન આવ્યો. તમારી ટ્રાન્સફર કચ્છમાં થઈ ગઈ છે. ડોન્ટ વરી... હું રોકાવી શકું છું. બસ માટે તને એટલું પુછવાનું હતું કે આજ સાંજે તું શું કરે છે?' એમ કહેતા કહેતા બોસે જૂહીના ખભે હાથ મૂકી દીધો.

જૂહીનો શ્વાસ પળભર જાણે અટકી ગયો. તે સમસમી ગઈ. 'સર, હું હમણાં આવું છું.' કહેતા તે કેબિનની બહાર આવી ગઈ. તેનાથી એક પળ પણ રોકાઈ શકાયું નહીં અન તે અને તે ઓફિસની બહાર આવી ગઈ.

મન ભારે થઈ ગયું હતું. આજ પહેલીવાર તેણે ચાર રસ્તેથી પસાર થઈ જવાને બદલે કબુતરો માટે જુવાર ખરીદી. 'અરે, એ છોકરી નજીક આવીને નાંખ....' જૂહીએ જોયું કે પેલી ગાંડી સ્ત્રી બુમ પાડીને તેને કહી રહી હતી. 'ડર નહીં વચ્ચે આવીને નાંખ...' જૂહી ધીરે ધીરે આગળ વધી. 'ફેંક નહીં ધીરે ધીરેથી નાંક નહીંતર પારેવાં ઉડી જશે.' જૂહી ઘડીકમાં પેલી સ્ત્રી તરફ જોતી હતી. ને ઘડીકમાં હાથમાં રહેલ જુવાર કબુતરો તરફ હળવેથી નાંખતી હતી.

'શું થયું ?' મારી તરફ આમ કેમ જુએ છે. હું તો ગાંડી છું ગાંડી... તને શું થયું છે. આટલી ડરે છે શું કામ પોતાની જાતને બચાવવી છે તો કાંટા ઉગાડ, આંખથી અંગારા વરસાવ. બધા જ લુચ્ચાઓ ભાગી જશે, અને પછી તે ચીસ પાડતી નજીક ઊભેલા છોકરાઓ પાછળ દંડો ઉગામતી ભાગી.

જીવનની નિર્ણાયક ક્ષણ : ધન્ય ઘડી ધન્ય ભાગ્ય

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

માનવ અને આખલાઓ વચ્ચેની સાઠમારી કે લડાઈની રમત દેશ–વિદેશ માં રમાતી રહે છે. આ રમત સ્પેન જેવા કેટલાક દેશોમાં તો ખૂબ જ પ્રચલિત પણ છે. આખલા સાથેની આ રમતમાં લડાઈ કરતી વ્યકિતની જાન ગમે ત્યારે જોખમમાં મુકાઈ શકે છે કારણ કે વ્યક્તિ પોતે ભલે મન અને બુધ્ધિથી લડાઈ કરતી હોય પણ એ રમતમાં આખલો પોતાની બુધ્ધી કે હૃદયથી લડાઈ નથી કરતો. આખલા સાથે લડાઈ કરનાર વ્યક્તિ આખલાને લાલ કપડું બતાવીને ઉશ્કેરે છે તેના જોરે આખલો લડતો હોય છે. આખલો જેટલો વધારે ઉશ્કેરાય તેટલા જોરથી તે વ્યક્તિ ઉપર હુમલો કરે છે. બંનેની સાઠમારીમાં ક્યારેક આખલો એટલો બધો ઉશ્કેરાય છે કે તે તેની સામે લડાઈ કરનાર વ્યક્તિ ઉપર ઘાતકી રીતે હુમલો કરતો હોય છે. આ ક્ષણ એવી હોય છે કે જો એ જ ક્ષણે આખલાને જો નાથવામાં ના આવે કે તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં ના આવે તો આખલા સાથે લડાઈ કરતી વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત બની જતું હોય છે. ક્યારેક આખલાને નાથવાનું શક્ય નથી બનતું એ ક્ષણે લડાઈ કરતી વ્યક્તિને આખલાણી ક્રૂરતાપૂર્વક હત્યા કરીને જ પોતાનો જીવ બચાવી લેવો પડતો હોય છે નહિતર લડનાર વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત બની જતું હોય છે. આ રમતમાં એ જ ક્ષણ સૌથી મહત્વની ક્ષણ હોય છે જ્યારે રમત રમનારે આખલાને મારી નાખવાનો કઠીન અને આકરો નિર્ણય લેવો પડતો હોય છે. એ ક્ષણ આખલાના જીવન માટે અને આખલા સાથે લડાઈ કરનાર વ્યક્તિ બંને માટે નિર્ણાયક અને મહત્વની હોય છે.

મહાભારતની કથામાં દુર્યોધન અને શકુની સાથેની દ્યૂતતની રમતમાં યુધિષ્ઠીર દ્રૌપદીને દાવમાં મૂકે છે એ ક્ષણ પાંડવોના જીવન માટે મહત્વની ક્ષણ હતી. મહાભારતનું યુધ્ધ ના થાય તે માટે શ્રી કૃષ્ણ સંધી પ્રસ્તાવ લઈને દુર્યોધન પાસે ગયા હતા એ ક્ષણ મહાભારત યુધ્ધ અને સર્વે યોધ્ધઓ માટે મહત્વની ક્ષણ હતી. મહાભારતનાં યુધ્ધમાં પોતે જાણતો હતો કે કૌરવ સેનાએ બનાવેલા ચક્રવ્યુહનાં સાત કોઠાઓ ભેદીને તેમાથી બચવું પોતાનાં માટે લગભગ અશકય હતું છતાં અભિમન્યુએ બહાદુરીપૂર્વક એ ચક્રવ્યુહમાં પ્રવેશ કર્યો હતો એ ક્ષણ અભિમાનયુના જીવન માટે મહત્વની ક્ષણ હતી. યુધ્ધ દરમ્યાન જ કુંતીજી પોતાના પહેલા પુત્ર કર્ણને મળ્યા હતા અને તે પોતાનો પુત્ર છે એ રહસ્ય તેમની સમક્ષ છતું કર્યું હતું. માતા કુંતીની લાખ વિનંતી છતાં એ સમયે કર્ણએ કૌરવો વતી જ યુધ્ધ લડવાનો દ્રઢ સંકલ્પ કુંતીજીને જણાવ્યો હતો એ ક્ષણ ઓનદાવો, કર્ણ અને કુંતીજી માટે મહત્વની ક્ષણ હતી. એકવાર બ્રહ્માસ્ત્ર પોતાના હાથથી છૂટ્યા પછી પોતે એ બ્રહ્માસ્ત્રને પાછું નહીં વાળી શકે તેની પોતાને જાણ હોવા છતાં અશ્વસ્થામાએ ઉત્તરાના ગર્ભમાં રહેલા બાળકની હત્યા કરવા માટે બ્રહ્માસ્ત્ર છોડ્યું હતું એ ક્ષણ અશ્વત્થામા, ઉતરા અને શ્રીકૃષ્ણ માટે મહત્વની ક્ષણ હતી. અશ્વસ્થામાં નામનો હાથી મરાયો પછી કૃષ્ણની સલાહથી યુધિષ્ઠીરે દ્રોણાચાર્યની નજીક જઈને મોટેથી આ શબ્દો ઉચ્ચાર્યા હતાં;

યસ્યાર્થે શસ્ત્રમાધત્સે
યમવેક્ષ્ય ચ જીવસિ
પુત્રસ્તે દયિતો નિત્યં
સોશ્વત્થામા નિપાતિતઃ

(હે આચાર્ય, આપ જેને ખાતર શસ્ત્ર ધારણ કરી રહ્યો છો અને જેને જોઈને આપ જીવી રહયા છો, તે આપના સદા પ્રિય એવા પુત્ર અશ્વત્થામાને રણભૂમીમાં વધ કરીને ધરાશાયી કરી નાખવામાં આવ્યો છે.)

યુધિષ્ઠિર અને દ્રોણાચાર્યના જીવનની આ મહત્વની ક્ષણ હતી. મહાભારતનું યુધ્ધ પૂરું થયા પછી માતા ગાંધારીને જાણ થઈ કે યુધ્ધમાં પોતાના બધા જ પુત્રો હણાઈ ગયા છે અને પછી તેણે શ્રીકૃષ્ણને શ્રાપ આપ્યો કે તારા યાદવકુળનો પણ અંદરોઅંદરની લડાઈથી નાશ થશે. એ ક્ષણ યાદવકુળ અને શ્રીકૃણ માટે મહત્વની ક્ષણ હતી.

મહાભારતમાં આ પ્રકારની એવી અનેક ક્ષણો છે જે ખુબ જ મહત્વની હતી, નિર્ણાયક હતી. જે તે ક્ષણોએ જે કઈ નિર્ણયો લેવાયા હતા તેને કારણે જ મહાભારતની આગલી ધટનાઓ બનતી ગઈ, જે તે ક્ષણોએ જો જુદા જ પ્રકારના નિર્ણયો લેવાયા હોત તો કદાચ મહાભારતની કથા જ જુદી હોત, અકલ્પનીય હોત.

રામાયણની કથામાં પણ દશરથજી, કેકૈયીજી, ભરતજી, શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજીના જીવનમાં પણ આ પ્રકારની ઘણી ક્ષણો ઉદભાવી હતી જેને કારણે શ્રી રામને વનવાસ વેઠવો પડ્યો, લક્ષ્મણજીને સીતાજીના કડવા વેણ સાંભળવા પડ્યા, સીતાજીનું હરણ થયું, રાવણનો વધ થયો અને સીતાજીની આગની પરીક્ષા થઈ.

દરેક વ્યકિતના જીવનમાં ક્યારેક ને ક્યારેક તો આ પ્રકારની ક્ષણો ઉદભવતી જ રહેતી હોય છે. એ ક્ષણ એવી હોય છે, એ ક્ષણ જ એવી હોય છે કે તે ક્ષણે વ્યકિતએ કોઈ એક આત્યંતિક નિર્ણય લેવો જ પડતો હોય છે. એ ક્ષણે 'To be ro not to be' માથી એક પસંદગી કરવી જ પડતી હોય છે. એ નિર્ણાયક ધડીએ વ્યકિતએ લીધેલો નિર્ણય માત્ર તેના ભવિષ્ય માટે જ નહીં, વ્યક્તિના સ્નેહીઓ, સંબંધીઓ, કુટુંબીજનો, આત્મીયજનો અને વ્યકિતના પોતાના જીવન માટે પણ નિર્ણાયક બનતો હોય છે.

એ ક્ષણ વ્યકિતની કસોટીભરી ક્ષણ હોય છે. વ્યકિતના જીવનના મૂલ્યોને કસોટીના એરણ ઉપર ચડાવવાની ક્ષણ હોય છે. વ્યક્તિના પોતાના અભિગમને ચકાસવાની ક્ષણ હોય છે. સંબધો નિભાવવા માટેની વ્યકિતની પોતાની નિષ્ઠાની પરીક્ષા કરવાની ક્ષણ હોય છે. વ્યકિતની પોતાની આત્મશ્રદ્ધાની, પોતાની ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધાની, વ્યક્તિની પોતાની સમજદારીની, શાણપણની, વ્યક્તિના સ્વ-ભાવની, વ્યક્તિની પોતાની લાગણીઓ ઉપર અંકુશ રાખવાની શકિતની અને પોતાના વર્તનની કસોટી કરતી એ ક્ષણ વ્યકિતની અગ્નિપરીક્ષા કરતી હોય એવી હોય છે એ ક્ષણ. વ્યકિત જો એ કસોટીમાથી, એ અગ્નિપરિક્ષામાથી હેમખેમ પાર ઉતરી શકે તો 'ગંગ ન્હાયાં'. જો એ કસોટીમાંથી હેમખેમ પાર ના ઉતરી શકે તો વ્યક્તિનું જીવન કદાચ છિન્નભિન્ન થઈ શકે છે.

શંકા-સંચય

થોટ
નટવર આહલપરા

શ્રીમદ્ ભગવત ગીતામાં કહ્યું છે કે, સંશયાત્મા વિનશ્યતિ શંકા, સંશય કરનારનો હંમશા વિનાશ થાય છે. શંકાનો કીડો જયારે માણસના મનમાં સળવળે છે ત્યારે તે શું કરશે તે નક્કી હોતું જ નથી. પતિ પત્નીના ચારિત્ર્ય ઉપર કે પત્ની પતિના ચારિત્ર્ય ઉપર શંકા કરે અને પછી એકમેકની હત્યાના કિસ્સાઓ આજે છાશવારે બને છે.

ગુજરાતી સાહિત્યના વિવેચક આનંદશંકર ધ્રુવના વિચારો શંકા-સંશય માટે સ્પષ્ટ છે કે, સંશય-શંકા જેવો અનિષ્ઠ પદાર્થ આત્મજ્ઞાનના માર્ગમાં બીજો નથી. જયારે ટેનિશન કહે છે કે, '(શંકાઓ આત્માનો રોગ છે, પણ એ રોગ હોવો એ પણ એક અસાધારણ અધિકાર છે.' આ વચનમાં શંકાની નિંદા અને સ્તુતિ ઉભય છે. સંશય જો મૂળમાં શ્રદ્ધાત્મક ન હોય તો એ અનિષ્ઠ છે, કેમ કે, 'પર' વસ્તુની શ્રદ્ધા ઉન્નતિને આવશ્યક છે.

આમ જોયા, જાણ્યા વિના કોઈના ઉપર શંકા કરવી ઘોર અજ્ઞાન છે. શંકાને કારણે ઘણા ઘર બરબાદ થઈ ગયા છે. શંકાને લીધે ખૂન-ખરાબા થાય છે. શંકાનું પાપ માણસને શાંતિ લેવા દેતું નથી. શ્રદ્ધા, વિશ્વાસથી તો જગત ચાલે છે. શંકા-સંશયથી જગત ટક્યું નથી.

શંકા-સંશય માટે માણસ ઘણીવાર બધું મૂકી, કામ-ધંધો મૂકી વ્યક્તિની પાછળ પડી જાય છે. કયારેક માણસે કરેલી શંકા ખોટી પડે છે અને માણસે પાછા પડવું પડે છે. પણ શંકા જ ન કરીએ તો ?

જાહેર ક્ષેત્રની બેંકોની સમીક્ષા તથા પુર્નરચના આવશ્યક

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આપણા દેશના આમ નાગરિકને બેંકો સાથે અવિરત નાતો જોડાયેલો છે અને બેન્કીંગ સામાજિક જીવનમાં પણ ખુબ ઓતપ્રોત છે. પરંતુ સમય જતા નવા નવા પરિવર્તનો આવતા રહ્યા અને હવે માહોલ મુંઝવણો અને અજંપાનો પ્રવેશી ગયો છે. ૧૯૬૯માં બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું જેના પાયામાં નાણાકીય સમાવેશનનો ખ્યાલ મુખ્ય હતો. ગામડાના છેવાડા સુધીના નાગરિકોને સુવિધાઓ મળી રહે તે હેતુ હતો. લીડ બેંક સ્કીમ લાગુ કરી વિલેજ વાઈડ પ્રત્યેક વિસ્તારને બેન્કીંગ પ્રવાહમાં લાવવાની નેમ હતી. ઝડપથી બેન્કોના વિસ્તરણને અમલી બનાવવામાં આવ્યું. બેંકો પાસે લોકોની બચનોનું એકત્રીકરણ કરે તો તેના જ પાયા પરથી ઋણ મંજુરી અને વિસ્તરણ પણ થઈ શકે અર્થાત્ લોકોના નાણાંથી લોકોને ધિરાણ પણ ઉપલબ્ધ થાય જે વિકાસ લાવવામાં ઉપયોગી થઈ શકે. બેંકોમાં પણ મેન્યુઅલ વર્કિંગ સિસ્ટમ હતી જેના દ્વારા કામ કર્યા બાદ કર્મચારીઓને પણ જોબ સંતોષી પ્રાપ્ત થતો, લાગતુ કે કંઈક સારું કાર્ય કર્યું? ૧૯૯૦ બાદ ધીમી ગતિથી ઈન્ટરનેટ ઉપકરણોનું આગમન થયું ૧૯૯૫ બાદ બેંકોની કાર્યપદ્ધતિ નેટ આધારિત - કોર બેન્કીગ ઉપર તબદીલ થઈ અને સમગ્ર બેન્કીંગનું સ્વરુપ બદલાવા લાગ્યું. પેમેન્ટ સિસ્ટમમાં ક્રાંતિ ઊભી થઈ ગઈ. આધુનિક ઉપકરણોમાં માનવશ્રમ પાછળ ધકેલાતો ગયો. આજની હાલત વિશે વિચારીએ તો અવશ્ય લાગે કે બેંકની અદર થતા કામો હવે સ્થાનિક મુખ્ય બજારમાં ઈકોર્નર, ઈ-લોબી, ઈનટચ જેવા સ્થળો લગભગ ૫૦ ટકા ત્યાં આવી ગયા છે જેમ કે નાણાં ઉપાડવાનાં એટીએમ, નાણા ખાતામાં ભરવાના મશીન, પાસબુક ને અપડેટ કરવાના મશીન, ચેક ખાતામાં ભરવા માટેના મશીન એટલે બ્રાંચનું અર્ધુ કામ બજારમાં થઈ રહ્યું છે જ!!

હવે લોન લેવાના કામ માટે કે ચેકબુક લેવાના હેતુસર શાખામાં જવાનું રહ્યું છે અને એ દિવસો દૂર નથી કે આ કાર્ય માટે ઓનલાઈન બધુ જ કરી શકાશે. મતલબ કે શાખામાં મેનપાવરની જરૂરિયાત રહેવાની નથી કે નજીવા પ્રમાણમાં જ રહેશે. બીજા અર્થમાં બેન્કીંગમાં જોબ ક્રિયેશન સંભાવના ઘટી ચૂકી છે. બીજા કાર્યોમાં નજર કરતા લાગે છે કે લોન મેળવ્યા બાદ કોઈને કોઈ કારણોસર રિપેન્ટમાં પુષ્કળ પ્રશ્નો છે. કાનૂનનો ડર નથી કે કુદરત રૂઠે તેવી સક્ષમતા તૂટી જાય છે. અથવા વસૂલાત આપવાની લોકોની માનિસકતા સાથે અન્ય કારણો જોડાતા જાય છે પરિણામે બેન્કો નબળી પડતી જાય છે. મોટા ઉદ્યોગપતિઓ કૌભાંડો કરીને વિદેશોમાં જિંદગી માણી રહ્યા છે તો કૃષિક્ષેત્રમાં નબળાં ચોમાસાનાં લીધે કૃષિ વસૂલાત આવતી નથી અથવા દેવું માફ થઈ જશેની એક જબરી આશા સેવાઈ રહી છે. ટૂંકમાં કહી એ તો વસૂલાત ના આવે તો બેન્કો ટકી શકે નહીં!!

સરકાર જંગી રકમ બેંકોને સમયાંતરે આપે છે પરંતુ એ ઈલાજ નથી. બેંકોના નીતિ નિયમો, કાયદાઓ ને હવે ડિજિટલ ઈન્ડિયા સાથે જોડીને પુનર્રચના કરવાના દિવસો આવી ગયા છે. વિજિલન્સ સેલનો વિસ્તાર પણ કરવો પડે તથા ઓડીટ એન્ડ ઈન્સ્પેકશનમાં પરિવર્તનો લાવવા પડે સાથોસાથ નવા કાનૂનને અમલી કરવા પડે કારણ કે હાલમાં ડિફોલ્ટરને ડર રહ્યો જ નથી. માત્ર ટાર્ગેટ આધારિત કાર્યપ્રણાલી ચાલે તેમ નથી. ગ્રાહક સેવાનું નામ પણ બદલાવો કેમ કે હવે જે કામ પાંચ મિનિટમાં થાય તેવું હોય તેમાં કલાકો બેસો તો કદાચ થાય કે ના પણ થાય કેમ કે કોમ્પ્યુટર આધારિત પ્રથામાં બધા જ ગુંચવાઈ ગયેલા જોવા મળે છે. ધક્કા ખાઈ ને લોકો અંતે સરકારને ભાંડે છે એ સ્થિતિ જોવા મળે છે.

બેંકોની પાસે અન્ય પરચૂરણ કામો કરાવાઈ રહ્યા છે. એ જરા પણ ઉચિત નથી તેને બંધ કરાવવા જ પડશે.

કેટલાક કાર્યો સરકાર વતી કરવામાં આવતા હોય છે. ત્યાં લોકો જઈને શાખામાં હોબાળા કરે તો શાખાનો પ્રબંધક માત્ર લાચાર બનીને અજંપો અનુભવે એટલે જ ઈન્ટરનેટ બાદ કામ ઘટવા જોઈએ પણ એવું બન્યું નથી. સર્વત્ર સ્ટાફની કમી હોવાની રાવ સાંભળવા મળે છે. ગ્રામ્ય વિસ્તારની પ્રજા ડિજિટલ બની નથી તે લોકો વોટ્સએપ કે ફેસબુક કે યુટયુબમાં મસ્ત રહે છ અને પોતાને વિકૃત માર્ગે લઈ જવામાં આતુર છે કારણ કે આ બધા ઉપર કોઈ અંકુશ કે રોક નથી. સામાજિક વિકૃતિઓ એ ઈન્ટરનેટની ભેટ હોય લેવું લાગી રહ્યું છે. બેંકો માટે બધુ ડિજિટલ થયા બાદ નવા જ માહોલની આવશ્યતા ઊભી થઈ છે. સૌથી દુઃખત વાત એ છે કે લોકોમાં અનુશાસન નથી, આર્થિક પછાતપણું છે એટલે મૂળ પ્રયોજનો ઉમદા હોવા છતાં ફળ મળતા નથી!! ૨૦૦૮માં સ્થાપનામાં આવેલ સંસ્થા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનું કામ પ્રશંસનીય રહ્યું છે. પરંતુ બેન્કોની ભૂમિકામાં ગાબડાં પડ્યા છે. મેનેજમેન્ટ નથી સાંભળતું કર્મચારીઓનું કે નથી સાંભળતું પ્રજાનું તો પછી ગ્રાહક સંતોષ શું આભમાંથી ઉતરશે ? ગ્રાહક મારો ઈશ્વર છે - ની ભાવના મરી ચૂકી છે, જે ધંધા માટે પ્રાણવાયુ હોય છે તે સમજાતું નથી. બેન્કો ચલાવવામાં પણ માનવીય સંવેદના, કરુણા, સદ્‌ભાવ વિનય-વિવેક જોઈએ તે જ રહ્યા નથી. નવી પેઢી જે છે તે લોકો માત્ર આર્થિક રીતે જ બધું વિચારે છે. હવે સરકાર નવા પરિવર્તનો લાવે તે ઈચ્છનીય છે.

શેર આસ્વાદ :
રિશ્તે જબ મજબૂત હોતે હૈ
બિન કહે મહેસૂસ હોતે હૈ.